## હરિની દૃષ્ટિ... - હરિન ભટ્ટ



આ મહાશય કહેછે કે પક્ષે તેને ઘણુ આપ્યુ છે... ઊપરાંત તેમને એવુ પણ થાય છે કે હજુ ઘણુ લેવાનુ બાકી છે... માટે તેમને ટીકીટ મળવી જોઇએ...!!

# મિત્રતાનો બદલો દગાખોરીથી આપી યુવતિને લાખોના ખાડામાં ઉતારી

**એસબીઆઇ બેંકના એક પટાવાળાએ યુવતીનો વિશ્વાસ કેળવી તેના મિત્રની મદદથી ક્રેડિટ કાર્ડ મારફતે રૂ. ૬.૨૧ લાખ ઉપાડી લીધાં : નાણાં સમયસર ના ભરતાં વ્યાજ અને દંડ સાથે રૂ.૧૩.૭૬લાખનું આઉટસ્ટેન્ડિંગ થઇ જતાં પોલીસ ફરિયાદ કરાઇ**

ગાંધીનગર, તા.૦૩

આજકાલ ક્રેડિટ કાર્ડનું વલણ વધી રહ્યું છે. જોકે શહેરની એક યુવતીને ક્રેડિટ કાર્ડ રાખવા ત્યારે મોંઘા પડી ગયાં જ્યારે તેની સાથે કામ કરતાં યુવકે વિશ્વાસમાં લઈને તેના વિવિધ ક્રેડિટ કાર્ડથી ૬.૨૧લાખ ઉપાડી લઈ ભર્યા નહીં. ગાંધીનગરના પેથાપુરની એસબીઆઈ બેંકના એક પટાવાળાએ તેના મિત્ર સાથે મળીને બેંકમાં ક્રેડિટ કાર્ડ એક્ઝીક્યુટીવ તરીકે કામ કરતી યુવતીનો વિશ્વાસ સંપાદન કરીને તેણીના અલગ અલગ ક્રેડિટ કાર્ડ મારફતે રૂ. ૬.૨૧ લાખ ઉપાડી લીધા હતા. આ ઉપાડનું તેણે સમયસર ચુકવણું નહીં કરતાં અધધ.. ૩૬ ટકા વ્યાજ સાથે આઉટ સ્ટેન્ડીંગ રૂ.૧૩.૭૬ લાખની ઉઘરાણી બેંકે યુવતી પાસે કરતાં ફસાયેલી યુવતિની ફરિયાદને આધારે પેથાપુર પોલીસ મથકમાં ગુનો દાખલ કરવામાં આવ્યો છે. ગાંધીનગર જીલ્લા ખાતે એસબીઆઈ બેંકની અલગ અલગ ગ્રામ્ય વિસ્તાર જેવાકે કોલવડા, પેથાપુર, ખોખરા વિગેરેમાં ક્રેડીટ કાર્ડ એક્ઝિક્યુટિવ તરીકે અમદાવાદના શાહપુર શિવ શક્તિનગરમાં રહેતી રંજન રમણલાલ નારૈયા(વાલ્મીકી) કામ કરે છે. અંદાજે લગભગ બે વર્ષ અગાઉ રંજન પેથાપુર ખાતે આવેલ એસબીઆઈ બેંક ખાતે ક્રેડીટકાર્ડ એક્ઝીક્યુટીવ તરીકે બેસી ક્રેડિટ કાર્ડનું વેચાણ કરતી હતી અને બેંકમાં પટાવાળા તરીકે નોકરી કરતાં અર્જુન ભરતભાઈ રાવળ રહે. પેથાપુર, રાવળવાસ સાથે પરિચયમાં આવી હતી. ગત જાન્યુઆરી માસમાં અર્જુન રાવળે તેને ફોન કરીને ઘરે પ્રસંગ હોવાનું કહીને રંજન પાસે કેટલાંક પૈસા માંગ્યા હતા પરંતુ રંજને તને પૈસા આપવાની ના પાડતા અર્જુન વારંવાર ફોન કરીને પૈસાની માંગણી કરતો હતો. છેવટે અર્જુને રંજન પાસે તેના ક્રેડિટ કાર્ડની માંગીને તેના ઉપાડને સમયસર ભરી દેવાનો વિશ્વાસ આપતાં રંજને મિત્રતાના નાતે અર્જુનને ત્રણ અલગ અલગ ક્રેડિટ કાર્ડ આપ્યા હતા. એકવાર અર્જુને આ બધા કાર્ડ સ્વાઈપ કરીને રૂ. ૫.૦૬ લાખ ઉપાડી તેનું બિલ પણ ભરી દીધું હતું. જો કે તે પછી અર્જુને રંજન પાસે અમેરિકન એક્સપ્રેસનું ૬ લાખની ક્રેડિટ લિમિટ વાળું કાર્ડ માંગ્યું હતું ત્યારે રંજને ૨૫ હજારની લિમિટ વાળું કોટક બેંકનું કાર્ડ તેને આપ્યું હતું જે બાદ અર્જુને વાવોલ રહેતાં તેના મિત્ર નૈસલ ઉર્ફે નિશાન ઉર્ફે મુન્નાભાઈ મિસ્ત્રી સાથે ફાયનાન્સનો ધંધો કરતો હોવાનું કહી રંજન સાથે મુલાકાત કરાવી હતી. ત્યારે આ બંનેએ ભેગા મળીને રંજનના ચાર ક્રેડિટ કાર્ડ મારફતે રૂ. ૬.૨૧ લાખ ઉપાડી લીધા હતા. પણ બન્નેએ છેલ્લા ત્રણ મહિનાથી આઉટ સ્ટેન્ડીંગ બિલ નહીં ભરતા લેટ ફી સાથે લગભગ ૩૫ ટકા વ્યાજે રૂ. ૧૩.૭૬ લાખનું બિલ રંજનને ભરવા માટે બેંક તરફથી નોટિસ આપવામાં આવી હતી. બેંકની રીકવરી શરૂ થઈ જતાં રંજને અર્જુન અને નૈસલને આઉટ સ્ટેન્ડીંગ બિલ ભરવાની વાત કરતાં બંને જણાએ રંજનને જાતિ વિષયક અપશબ્દો બોલી, વિવિધ પ્રકારની ધાક ધમકીઓ આપી જાનથી મારી નાખવાની પણ ધમકી આપી હતી. આ અંગે પેથાપુર પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

## ખૂણેખાંચરેથી

● ગાંધીનગરમાં વિધાનસભાની સામાન્ય ચૂંટણીઓ જાહેર થતાં જ તંત્રમાં બેઠકોનો સિલસિલો આજથી શરૂ થઈ ગયો હતો જે મોડી સાંજ સુધી ચાલ્યો હતો.

● ગાંધીનગર શહેર-જિલ્લામાં ગરમીનો પારો આજે ૩૭ ડિગ્રીએ પહોંચ્યો હતો.

● પંચાયત સેવા પસંદગી મંડળએ જુનિ. ક્લાર્ક અને તલાટી સંવર્ગ માટેની ભરતીની પરીક્ષાના કાર્યક્રમમાં ફેરફાર કર્યો છે.

● આજે વિધાનસભાની સામાન્ય ચૂંટણીની જાહેરાત થાય તે પૂર્વે મનપાની સ્થાયી સમિતિની બેઠક ૧૧ વાગે મળી હતી.

● ગાંધીનગર જિલ્લા પંચાયત અને મનપાની ગાડીઓ રેક્વીઝીટ આજથી જ કરી દેવાઈ છે.

● ગાંધીનગર જિલ્લા કલેક્ટરે આચારસંહિતા ભંગની ફરિયાદ માટે ટોલ ફ્રી ફોન નંબર જાહેર કર્યો છે.

● રાજ્યના ગૃહ વિભાગે પાંચ ડી.વાય.એસ.પી.ના બદલીના હુકમો ગઈકાલે મોડી રાત્રે જારી કર્યા હતા.

● જિલ્લા પંચાયતના પ્રોગ્રામ ઓફિસર સુશ્રી મીનાબેન વાળાની બદલી કરાઈ છે. તેમણે આજે ચાર્જ છોડી અમદાવાદ ખાતે હાજર થયા છે.

● જિલ્લા પંચાયતમાં પ્રોગ્રામ ઓફિસર તરીકે પારૂલબેન નાયકની નિયુક્તી કરાઈ છે અને તેમણે તેમના નવા હોદ્દાનો ચાર્જ સંભાળી લીધો છે.

● જિલ્લા પંચાયતના કાર્યપાલક ઈજનેર ચૌધરી વયમર્યાદાને લઈ સેવા નિવૃત્ત થયા છે.

● રાજય પંચાયત કર્મચારી મહામંડળના પ્રમુખ પદેથી પ્રકાશ ત્રિવેદીએ રાજીનામુ આપ્યુ છે. જો કે તેમનુ રાજીનામુ ના મંજૂર કરાયાની વિગતો પણ જાણવા મળી છે.

● સરઢવ પ્રગતિ મંડળ અમદાવાદ-ગાંધીનગરનો વાર્ષિકોત્સવ ૧૩મી નવેમ્બરના રોજ વિશ્વ ઉમિયાધામ ખાતે યોજાશે.

## મોરબી કરૂણાંતિકાના દોષિતો સામે કાયદેસરની કાર્યવાહી કરવા પરમધર્મ સંસદની માંગ

ગાંધીનગર, તા.૦૩

મોરબીમાં તા.૩૦મી નવેમ્બરે સર્જાયેલી કરૂણાંતિકામાં ૧૩૫થી વધુ વ્યક્તિઓએ તેમના પ્રાણ ગુમાવ્યાં છે તેમજ અનેક વ્યક્તિઓ ગંભીર રીતે ઈજાગ્રસ્ત થયા છે. સમગ્ર ઘટનાથી કોઈ અજાણી નથી. પરમધર્મ સંસદ ૧૦૦૮ના ગુજરાત પ્રદેશ એકમના ગાંધીનગર જિલ્લાના લોકસભા મત વિસ્તારના ધર્મસાંસદ કનૈયાલાલ પંડ્યા ટીમ દ્વારા સમગ્ર ઘટના પ્રત્યે સંવેદના વ્યક્ત કરવા સાથે સરકાર સમક્ષ ઘટનાના તમામ દોષિતો સામે કાયદેસરની કાર્યવાહી કરવા અનુરોધ કર્યો છે.

પરમધર્મ સંસદ ૧૦૦૮ના ગુજરાત પ્રદેશ એકમના ગાંધીનગર જિલ્લાના લોકસભા મત વિસ્તારના ધર્મસાંસદ કનૈયાલાલ પંડ્યાએ અખબારી યાદીમાં જણાવ્યું છે કે "પરમ ધર્મ સંસદ ૧૦૦૮ આ પીડિત પરિવારો પ્રત્યે સંવેદના વ્યક્ત કરે છે અને જેમણે પોતાના પ્રાણ ગુમાવ્યા છે તેમના આત્માને પરમકૃપાળુ પરમાત્મા શાંતિ આપે તેમજ તેમના પરિવારજનોને અણધારેલ આવેલાં આ દુઃખ શોક અને આઘાત સહન કરવાની શક્તિ આપે તેવી પ્રાર્થના કરે છે. આ સાથે કાર્યમાં રાહત બચાવ કાર્ય કરનાર તમામ વ્યક્તિઓ અને સંસ્થાઓને હૃદયપૂર્વક વંદન કરે છે. સમગ્ર ઘટનામાં નવ વ્યક્તિઓ પર કાયદેસરની કાર્યવાહી કરી કડક પગલાં લેવાઈ રહ્યાં છે તેમ ચોક્કસ લાગે છે પરંતુ આ ઘટનાના મુખ્ય દોષિતો કોન્ટ્રાકટર, પેટા કોન્ટ્રાકટર, અધિકારીઓ, નગરપાલિકાના પદાધિકારીઓ પોલીસની પકડની બહાર છે તેમને તાત્કાલિક ધોરણે ધરપકડ કરી કાયદેસરની કાર્યવાહી કરી કડક સજા થાય તેમ કરવા માટે મુખ્યમંત્રીને વિનંતી કરીએ છીએ જેથી ભવિષ્યમાં અન્ય કોઈ જગ્યાએ આ પ્રકારનું બેજવાબદારીભર્યુ કાર્ય કરવાની કોઈ હિંમત ના કરે". આ સાથે તેમણે મુખ્ય દોષિતો પર કાયદેસરની કાર્યવાહી ઝડપથી કરવા પણ વિનંતી કરી છે.

## રંગતાલ ગ્રુપ રાંધેજા દ્વારા રંગોલી સ્પર્ધા





ગાંધીનગર, તા.૩

રંગતાલ ગ્રુપ રાંધેજા દ્વારા રંગોલી સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ પ્રતિયોગિતા માં ખુબજ ઉત્સાહ થી ગ્રામજનો એ ભાગ લીધો હતો અને ખુબ જ સારો પ્રતિસાદ જોવા મળ્યો હતો.

ગ્રામજનો એ પોતાના ઘર ના આંગણામાં સુંદર રંગોળી બનાવી હતી તેમજ પ્રથમ ૧૦ સુંદર રંગોળી બનાવનાર ને રૂબરૂ મુલાકાત લઈને રંગતાલ ગ્રુપ તરફથી ગિફ્ટ આપવામાં આવી હતી.

## નીલગાયને બચાવવાના પ્રયાસમાં બાઇક પરથી પટકાતાં મહિલાનું મોત

**ઇસનપુરમાં રસ્તામાં આડી આવેલી નીલગાયને બચાવવા બ્રેક મારતાં મહિલા નીચે પટકાઇ : મહિલાના અવસાનથી પરિવાર શોકમગ્ન**

ગાંધીનગર, તા.૦૩

ગાંધીનગર જિલ્લાની વનરાજીમાં નીલગાયનો મોટો વસવાટ છે. નીલગાય અનેકવાર ગાંધીનગર શહેર સહિત જિલ્લાના ગ્રામ્ય વિસ્તારોના માર્ગો પર રખડતી કે દોડતી ક્યારેક એકલદોકલ તો ક્યારેક ટોળામાં જોવા મળી જાય છે. ગાંધીનગર જિલ્લાના દહેગામ પાસેના ઈસનપુર ખાતે આવી એક નીલગાય અચાનક રસ્તામાં આડી આવી જતાં ત્યાંથી પસાર થઈ રહેલી બાઈક પરથી એક મહિલા રોડ પર પટકાઈ હતી. આ મહિલાને ગંભીર ઈજાઓ પહોંચતા તાત્કાલિક ગાંધીનગરની સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવી હતી જ્યાં સારવાર દરમિયાન તેનું કરૂણ મોત નીપજ્યું હતું. સમગ્ર ઘટના અંગે પોલીસે અકસ્માતે મોતનો ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી હતી. આજના સમયમાં માર્ગ અકસ્માતોનું વધી રહેલું પ્રમાણ ચિંતાજનક બાબત બનતું જાય છે. માર્ગ અકસ્માતમાં ક્યારેક વાહનચાલક કે અન્ય કોઈ વ્યક્તિની ભૂલ ના હોવા છતાં અકસ્માત સર્જાય તેવી સ્થિતિ પણ સર્જાય છે. ગાંધીનગર જિલ્લાના દહેગામ તાલુકાના ઈસનપુરમાં અચાનક એક નીલગાય રસ્તા પર દોડી આવવાને કારણે બાઈક ચાલકને ત્વરિત બ્રેક મારવી પડી હતી. અચાનક બ્રેક મારવાને કારણે બાઈક સ્લીપ ખાઈ ગઈ હતી અને બાઈક પરથી મહિલા નીચે પટકાઈ હતી અને મહિલાને ગંભીર ઈજાઓ થવા પામી હતી. ઈજાગ્રસ્ત મહિલાને સારવાર અર્થે તુરંત જ એમ્બ્યુલન્સ મારફતે ગાંધીનગરની સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવી હતી.

જ્યાં સારવાર દરમિયાન મહિલાનું મોત નિપજ્યું હતું. ઘટનાની જાણ પોલીસને કરવામાં આવતા તાત્કાલિક દોડી આવી હતી અને પોલીસે અકસ્માતે મોતનો ગુનો નોંધી કાનૂની કાર્યવાહી હાથ ધરી હતી. મહિલાના મોતથી પરિવારમાં માતમ છવાયો હતો.



સેકટર-૧૬ વેપારી મંડળ દ્વારા મોરબી ગોઝારી દુર્ઘટનામાં દિવંગતોને આદરપૂર્વક અંજલિ આપવા માટે મોહનભાઈ, જયેન્દ્રભાઈ, રાજુભાઈ, મિલનભાઈ, અશોકભાઈ, ભાનુભાઈ, લાલસિંહ, અમરતભાઈએ હાજરી આપી હતી.

## ગજાનન સેવા સમિતિ દ્વારા ગરમ કપડાંનું વિતરણ કરાયું



ગાંધીનગર, તા.૩

શ્રી ગજાનન સેવા સમિતિ દ્વારા ઉત્તર ત્રીપુરામાં અંતરિયાળ વિસ્તારમાં ગરમ કપડાનું વિતરણ કરવામાં આવ્યું હતું. કુલ ૬૦થી વધારે નંગ ટીશર્ટ અને ગરમ કપડાં વિતરણ કરાયા હતા. સમિતિ દ્વારા ઉત્તર ત્રીપુરામાં કામગીરી શરૂ કરી છે જેમાં ૬૫૦ નંગથી વધુ કપડાં મોકલવામાં આવ્યા છે.

## મોરબી દુર્ઘટનાના દિવંગતોને શ્રદ્ધાંજલિ માટે ભાટમાં કેન્ડલમાર્ચ યોજાઈ



મોરબી ઝુલતા પુલની ઘટનાને લઈને સમગ્ર રાજ્યમાં શોક પાળવામાં આવ્યો હતો. જે અનુસંધાને ગાંધીનગરના ભાટ ગામે પણ શ્રદ્ધાંજલિ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. ગાંધીનગર મહાનગરપાલિકાના સ્ટે. કમિટીના ચેરમેન જશવંતભાઈ પટેલની આગેવાનીમાં મોરબી દુર્ઘટનામાં અવસાન પામેલા દિવંગતોના આત્માની શાંતિ માટે શ્રદ્ધાસુમન અર્પણ કરી બે મિનિટનું મૌન પાળી પ્રાર્થના કરવામાં આવી હતી. આ શ્રદ્ધાંજલિ કાર્યક્રમમાં ભાટ ગામના સ્થાનિકો મોટી સંખ્યામાં જોડાયા હતા. તેમજ કેન્ડલ માર્ચ દ્વારા શ્રદ્ધાંજલિ આપવામાં આવી હતી.

## આર્ચડાયોસીસ ઓફ ગાંધીનગર દ્વારા યુવાનો માટે અધિવેશન યોજાયું





ગાંધીનગર, તા.૩

આર્ચડાયોસીસ ઓફ ગાંધીનગર દ્વારા ગાંધીનગર, મહેસાણા, બનાસકાંઠા, પાટણ, સાબરકાંઠા અને અરાવલ્લીના યુવક યુવતીઓ માટે મહેસાણા અને કડવઠ એમ બે જગ્યાએ અધિવેશન યોજાયું હતું. આ કાર્યક્રમમાં આર્ચબીશપ થોમાસ મેકવાન, ફાધર પીટર, યુથ ડાયરેક્ટર ફાધર ઝેવિયર જેમ્સ, ફાધરો, સિસ્ટરો, સ્ટાફ અને યુવક-યુવતીઓ દ્વારા ૩૭૦ જેટલી મોટી સંખ્યામાં હાજર રહી તકનો લાભ લીધો હતો.

## ગાંધીનગરનું કારવાં ગૃપ અખિલ ભારતીય મુલ્કી સેવા નાટ્ય સ્પર્ધામાં સામેલ થશે

ગાંધીનગર, તા.૦૩

ગાંધીનગર ખાતે ચાલુ વર્ષે અખિલ ભારતીય મુલ્કી સેવા નાટ્ય સ્પર્ધા-૨૦૨૨નું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં સચિવાલયના ભાગ્યેશ પટેલના નેતૃત્વ હેઠળના કારવાં ગ્રુપ દ્વારા આશિષ ઠાકર લીખીત નાટક "પડી પટોડે ભાત" રજૂ કરવામાં આવ્યું હતું, જે સ્પર્ધામાં વિજેતા થયું હતું. પ્રસ્તુત નાટકનું દિગ્દર્શન ગાંધીનગરના એકમાત્ર "ગુજરાત ગૌરવ પુરુસ્કૃત" નાટ્યકાર અપ્સર સૈયદ દ્વારા કરવામાં આવ્યું હતું. નાટકમાં બીપીન જાદવ, વેદાંત જોશી, મારૂફખાન પઠાણ, રોનક મહેતા, ભારત શાહ, યોગીના પટેલ, અવની જોશી, તૃપ્તિ પટેલ, આશા પટેલ, હેમાંગીની સોલંકી, પિયુષ રાજવંશી તથા ભાગ્યેશ પટેલ દ્વારા અભિનયના ઓજસ પાથરવામાં આવ્યાં હતા. અત્રે ઉલ્લેખનીય છે કે ચાલુ વર્ષે અખિલ ભારતીય મુલ્કી સેવા નાટ્ય સ્પર્ધા-૨૦૨૨નું આયોજન તા. ૯થી ૧૪ નવેમ્બર દરમ્યાન ત્રિપુરાના અગરતલા ખાતે થનાર છે, જેમાં સચિવાલયનું કારવા ગ્રુપ ભાગ લેવા તા.૯મી નવેમ્બરના રોજ હવાઈ માર્ગે જવા રવાના થશે.

## બ્રહ્માકુમારીઝ, સેક્ટર-૨૮ ખાતે મોરબી પૂલ હોનારતના દિવંગતોને શ્રધ્ધાંજલિ



ગાંધીનગર, તા.૩

રાજ્ય વ્યાપી શોક દિવસ- ૨જી નવેમ્બરના રોજ સવારે પ્રજાપિતા બ્રહ્માકુમારી ઈશ્વરીય વિશ્વ વિદ્યાલય, સેક્ટર.૨૮, ખાતે સેવાકેન્દ્ર પ્રભારી કૈલાશ દીદીજી દ્વારા સાથી બ્રહ્માકુમારી બહેનો તથા સવારના નિયમિત મુરલી કલાસમાં ઉપસ્થિત સૌ બ્રહ્માકુમાર ભાઈ- બહેનો સાથે મોરબી પૂલ હોનારતના દિવંગતોની આત્માને શાંતિ અને સદગતિ મળે તે માટે વિશેષ યોગદાન આપવામાં આવ્યું હતું. તેમના શોકાતુર પરિવારજનોને કારમા આઘાતની આ ઘડીને સહન કરવાની સૌ આત્માઓના પરમપિતા પરમાત્મા શિવબાબા શક્તિ આપે તે માટે પ્રાર્થના કરવામાં આવી અને જે ભાઈ બહેનો હજી હોસ્પિટલમાં સારવાર હેઠળ છે તેઓ જલ્દીથી સાજા- સ્વસ્થ થઈ જાય તે માટે પણ પ્રભુને ખાસ પ્રાર્થના કરવામાં આવી હતી. સાથે સાથે હવેથી આવા બનાવો બનવા ન પામે તે માટે સમગ્ર વિશ્વમાં સદબુધ્ધી, ભાઈચારો, શાંતિ અને પ્રેમના વાયબ્રેશન ફેલાવવામાં આવ્યા હતાં.



મોરબી જળ હોનારતમાં અવસાન પામેલા સ્વજનોને શ્રદ્ધાંજલિ પાઠવવા માટે રેડક્રોસ સોસાયટી દ્વારા કાર્યક્રમ યોજાયો હતો. નગરજનોએ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહી મૃત્યુ પામેલા સ્વજનો માટે પ્રાર્થના કરી હતી.

**વૃક્ષ વાવો પર્યાવરણ બચાવો**

ગાંધીનગરમાં જાહેરાત માટેનું અસરકારક માધ્યમ
ગાંધીનગર સમાચાર
ફોન - ૨૩૨૨૨૫૭૧, ફોન - ૨૩૨૩૭૫૭૧